# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-07-2024** **Morning : 7.45 to 7.55**

**Day : Friday** **National News**

આકાશવાણી સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

**************************************************

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી નવ અને દસ જુલાઇએ રશિયાની મુલાકાતે જશે.. રશિયાના રાષ્ટ્રપતિ પૂતિન સાથે ચર્ચા કરશે
- ✓ નીટ-યુજી પરિક્ષા રદ ન કરવા ગુજરાતના 56 સફળ ઉમેદવારોએ સર્વોચ્ચ અદાલતમાં અરજી કરી
- ✓ હાથરસ દુર્ઘટનામાં છ આરોપીઓની ધરપકડ કરવામાં આવી
- ✓ આસામમાં પૂરપ્રકોપને કારણે 21 લાખથી વધુ લોકો અસરગ્રસ્ત બન્યાં. - હવામાન વિભાગે બે દિવસ માટે ઉત્તરાખંડ અને ઉત્તરપૂર્વીય પ્રદેશોમાં ભારે વરસાદની આગાહી કરી
- ✓ પેરિસ ઓલિમ્પિક્સ માટે ભારતીય એથલેટિક્સની 28 સભ્યોની ટીમની જાહેરાત.

*******************************************

# PM RUSSIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 8 અને 9 તારીખે રશિયાની સત્તાવાર મુલાકાતે જશે. વિદેશ મંત્રાલયે કહ્યું કે, શ્રી મોદી 22મી ભારત-રશિયા વાર્ષિક સમિટમાં હાજરી માટે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના આમંત્રણ પર મોસ્કોમાં હશે.

બંને નેતાઓ પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરશે. ત્યારબાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 9 અને 10 તારીખે ઓસ્ટ્રિયા જશે. 41 વર્ષમાં ભારતીય પ્રધાનમંત્રીની ઓસ્ટ્રિયાની આ પ્રથમ મુલાકાત હશે.

શ્રી મોદી ઓસ્ટ્રિયાના રાષ્ટ્રપતિ એલેક્ઝાંડર વેન ડેર બેલેનને મળશે અને ઓસ્ટ્રિયાના ચાન્સેલર કાર્લ નેહામર સાથે વાતચીત કરશે. પ્રધાનમંત્રી મોદી અને ચાન્સેલર ભારત અને ઓસ્ટ્રિયાના વ્યાપારી અગ્રણીઓને પણ સંબોધિત કરશે. પ્રધાનમંત્રી મોસ્કો તેમજ વિયેનામાં ભારતીય સમુદાયના સભ્યો સાથે વાતચીત કરશે.

.................................................................

# UK - EXIT POLL

યુકેમાં ત્રણ મોટા ટીવી નેટવર્ક્સ દ્વારા જાહેર કરાવામાં આવેલા એક્ઝિટ પોલમાં કેઇર સ્ટારમરની આગેવાની હેઠળની લેબર પાર્ટી વિજયી બને તેવી શક્યતા દર્શાવવામાં આવી છે.

જ્યારે કન્ઝર્વેટિવ પાર્ટીની હાર થાય તેવી સંભાવના વ્યક્ત કરાઇ છે. એક્ઝિટ પોલે લેબર પાર્ટીને 209ના ફાયદા સાથે 410 બેઠકો મળે તેવો અંદાજ લગાવ્યો છે.. ગઈકાલે હાઉસ ઓફ કોમન્સની ચૂંટણી યોજાઇ હતી.

650 સભ્યોના ગૃહમાં બહુમતી માટે માત્ર 326 બેઠકોની જરૂર છે. એક્ઝિટ પોલમાં વડા પ્રધાન ઋષિ સુનકની કન્ઝર્વેટિવ પાર્ટીને 131 બેઠકો જીતવાનુ અનુમાન કરવામાં આવ્યું છે. એક્ઝિટ પોલ અનુસાર, કન્ઝર્વેટિવના એક સમયના સાથી લિબરલ ડેમોક્રેટ્સ 61 સાથે બીજા સ્થાને રહેશે. ફુગાવો, કથળેલી આરોગ્ય સેવા જેવા મુદ્દાને કારણે શાસક પક્ષની હાર થાય તેવુ અનુમાન જાહેર કરાયું છે..

..................................................................

# NEET GUJARAT

ગત મે મહિનામાં યોજાયેલ NEET-UG 2024 પરીક્ષામાં કથિત પેપરલીક અને ગેરરીતીના કારણે પરીક્ષા રદ કરવા સર્વોચ્ચ અદાલતમાં કરાયેલી અરજીઓ વિરૂદ્ધ ગુજરાતના સફળ 56 વિદ્યાર્થીઓએ પરીક્ષા રદ ન કરવાની માંગ કરી છે. આમાંથી કેટલાંક વિદ્યાર્થીઓ પ્રથમ રેન્કમાં સામેલ છે. આગામી 8 જુલાઇએ થનાર સુનાવણી પૂર્વે આ ઉમેદવારોએ સર્વોચ્ચ અદાલત અને રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી NTAને ફરી પરીક્ષા ન યોજવાની માંગ કરી છે.

ઉલ્લેખનીય છે કે, મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચૂડના વડપણ હેઠળ આ સુનાવણી હાથ ધરાશે. ઉમેદવારોએ એવી દલીલ કરી હતી કે જો આ પરીક્ષા ફરીથી લેવાશે તો મહેનતુ અને પ્રામાણિક વિદ્યાર્થીઓએ અન્યાય થશે. વિદ્યાર્થીઓએ ગેરરીતી આચરનારા ઉમેદવારોને કડક સજા કરવાની પણ માંગ કરી છે.

..................................................................

# HATHRAS

હાથરસની દુર્ઘટનામાં  ચાર પુરુષો અને બે મહિલાઓ સહિત છ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે. હાથરસ નાસભાગ દુર્ઘટનામાં  121 લોકોના મોત થયા હતા.

મીડિયા સાથે વાતચીત કરતા અલીગઢ રેન્જના પોલીસ મહાનિરીક્ષક શલભ માથુરે જણાવ્યું હતું કે ધરપકડ કરાયેલ છ લોકો આયોજક સમિતિના સભ્યો છે અને સેવાદાર તરીકે કાર્યરત છે. આઈજી માથુરે ઉમેર્યું હતું કે, મુખ્ય આરોપી પ્રકાશ મધુકર વિશે માહિતી આપનારને 1 લાખ રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવ્યું છે.

.............................................................

# MID BREAK

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

.............................................................

# ASSAM FLOOD

આસામમાં અવિરત વરસાદને કારણે પૂરની સ્થિતિ વધુ વિકટ બની છે. રાજ્યના  29 જિલ્લાઓમાં 21 લાખથી વધુ લોકો પૂરથી અસરગ્રસ્ત બન્યાં છે. રાજ્યપાલ ગુલાબચંદ કટારિયાએ પૂરગ્રસ્ત મોરીગાંવ જિલ્લાની મુલાકાત લીધી હતી અને લોકો સાથે વાતચીત કરી હતી.

રાજ્યપાલે પણ પ્રવર્તમાન પરિસ્થિતિની સમીક્ષા કરી અને અસરગ્રસ્ત લોકોની જરૂરિયાતોને પહોંચી વળવા માટે પૂરતી વ્યવસ્થા કરવા જિલ્લા વહીવટીતંત્રને નિર્દેશ આપ્યો હતો. મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા સરમાએ પણ આ જિલ્લાઓમાં પરિસ્થિતિની સમીક્ષા કરવા માજુલી, ધેમાજી અને લખીમપુરની મુલાકાત લીધી હતી.

છેલ્લા 24 કલાક દરમિયાન પૂરને કારણે વધુ 6 લોકોનાં મોત થયાં, જેનાથી આંકડો 52 પર પહોંચ્યો. પૂરથી પ્રભાવિત 107 મહેસૂલી વર્તુળોના 3,200થી વધુ ગામો અને રાજ્યભરમાં 57,000 હેક્ટરથી વધુ પાકને નુકસાન થયું છે.

..............................................................

# WEATHER

ભારતીય હવામાન વિભાગે આજે અને આવતીકાલ માટે ઉત્તરાખંડ અને ઉત્તર-પૂર્વ ભારતના મોટાભાગના વિસ્તારોમાં અતિ ભારે વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે.

જમ્મુ-કાશ્મીર-લદ્દાખ-ગિલગિટ-બાલ્ટિસ્તાન મુઝફ્ફરાબાદ, હિમાચલ પ્રદેશ, પંજાબ, હરિયાણા-ચંદીગઢ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં આગામી ત્રણથી ચાર દિવસ દરમિયાન ભારે વરસાદની સંભાવના છે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે એક ચક્રવાત ઉત્તરપૂર્વ રાજસ્થાન પર કેન્દ્રીય થયુ  છે

હવામાન વિભાગે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત, મહારાષ્ટ્ર અને કોસ્ટલ કર્ણાટકમાં આગામી બે-ત્રણ દિવસ સુધી ભારે વરસાદ ચાલુ રહેવાની શક્યતા છે. સપ્તાહ દરમિયાન ઉત્તર પશ્ચિમ અને મધ્ય ભારતમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ, વીજળીના ચમકારાની સંભાવના પણ હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

..............................................................

# Paris Olympic Athletes Team

પેરિસ ઓલિમ્પિક માટે ભારતીય એથ્લેટિક્સ ટીમની જાહેરાત કરવામાં આવી છે. કિરણ પહલને 4 બાય 400 મીટર રિલે ટીમમાં આશ્ચર્યજનક રીતે બાકાત રાખવામાં આવ્યા છે.

ગઇકાલે ભારતીય એથ્લેટિક્સ ફેડરેશને રિલે ટીમની 28 સભ્યોની જાહેરાત કરી હતી, જેમાં ભાલા ફેંકમાં પ્રથમ ઓલિમ્પિક ચેમ્પિયન નીરજ ચોપડા, એશિયન રમતોત્સવના ચેમ્પિયન તેજીન્દરપાલ સિંહ, અવિનાશ સાબલે, પારુલ ચૌધરી અને અન્નુ રાનીનો સમાવેશ થાય છે. ભાલા ફેંક ખેલાડી ડી પી મનુ ડોપિંગ બદલ સસ્પેન્ડ થતાં સમાવેશ કરવામાં આવ્યો નથી. પહેલીથી 11 ઓગસ્ટ દરમિયાન એથ્લેટિક સ્પર્ધા રમાશે.

..............................................................

# PM - OLYMPIC CONTINGENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઓલિમ્પિક માટે પેરિસ જઈ રહેલી ભારતીય ટુકડી સાથે વાતચીત કરી હતી. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું, તેમને વિશ્વાસ છે કે, એથ્લેટ્સ તેમનું શ્રેષ્ઠ પ્રદર્શન કરશે અને ભારતને ગૌરવ અપાવશે. તેમણે કહ્યું કે, 140 કરોડ ભારતીયો તેમની સફળતા માટે આશા રાખી રહ્યાં છે.

..............................................................

# AMRNATH YATRA

અમરનાથના યાત્રાળુઓની 7 હજાર 919 શ્રદ્ધાળુઓની 7મી ટુકડી જમ્મુમાં ભગવતી નગર યાત્રાળુ નિવાસ બેઝ કેમ્પથી કાશ્મીર ખીણમાં રવાના થઈ હતી. 'બમ બમ ભોલે' ના નારા લગાવતા, યાત્રાળુઓએ શુક્રવારે વહેલી સવારે બેઝ કેમ્પ છોડ્યો હતો.

જેમાં 5241 પુરૂષો, 1435 મહિલાઓ, 16 બાળકો, 214 સાધુઓ અને 13 સાધ્વીઓનો સમાવેશ થાય છે. આ જથ્થામાંથી 2 હજાર 542 બાલતાલ માટે રવાના થયા હતા જ્યારે 4 હજાર 377 પહેલગામ બેઝ કેમ્પ માટે રવાના થયા હતા જ્યાંથી તેઓ પવિત્ર ગુફાની આગળની યાત્રા માટે આગળ વધશે.

..............................................................

# GOVT - SHIPPING POLICY

જહાજ નિર્માણના ક્ષેત્રે વર્ષ 2030 સુધીમાં ભારતને ટોચના 10 દેશોમાં અને વર્ષ 2047 સુધીમાં ટોચના 5 દેશોમાં સામેલ કરવા સરકાર કટિબદ્ધ છે. આ માટે સરકાર ટૂંક સમયમાં નવી જહાજ નિર્માણ અને જહાજ સમારકામ નીતિ જાહેર કરશે.

શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયના સચિવ ટીકે રામચંદ્રને એક કાર્યશાળામાં સરકારની આગામી યોજના અંગે વાતચિત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, જો ભારતીય શિપિંગ બજારની જરૂરિયાતોને ભારતીય શિપયાર્ડ્સ દ્વારા પૂર્ણ કરવામાં આવે તો વર્ષ 2047 સુધીમાં 20 લાખ કરોડ રૂપિયાથી વધુનો વ્યવસાય થાય તેવી સંભાવના છે. વિવિધ સરકારી મંત્રાલયો, વિભાગો, શિપિંગ ઓપરેટરો અને જાહેર ક્ષેત્ર તેમજ ખાનગી શિપયાર્ડ સહિત 50 સંસ્થાઓના 100થી વધુ સહભાગીઓએ આ કાર્યશાળામાં ભાગ લીધો હતો.

..............................................................

# ISRAEL GAZA- CEASEFIRE

ઇઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહુએ ગાઝામાં હમાસ સાથે યુદ્ધવિરામ અને બંધકોની મુક્તિ પર વાટાઘાટો માટે એક પ્રતિનિધિમંડળ મોકલવાની મંજૂરી આપી છે.

ઇજિપ્ત અથવા કતારમાં યોજાનારી વાટાઘાટોમાં ભાગ લેવાનો ઇઝરાયેલે નિર્ણય કર્યો છે. યુનાઇટેડ સ્ટેટ્સ દ્વારા સમર્થિત કતારની અને ઇજિપ્તની મધ્યસ્થી અંગે હમાસ દ્વારા સમર્થન આપવાનો પ્રત્યુત્તર આપ્યો હતો. હમાસના આ પ્રતિસાદ બાદ ઇઝરાયેલે પણ વાટાઘાટોમાં ભાગ લેવાની સંમતિ આપી હતી.

આ વાટાઘાટો માટે પ્રારંભિક ચર્ચા પછી, પ્રધાનમંત્રી નેતન્યાહુએ પ્રતિનિધિમંડળ મોકલવાની મંજૂરી આપી હતી.

.............................................................................